**–:: ફોજદારી પરચુરણ અરજી નં.૪૬૦૧/૨૦૧૭ના કામે આંક–૧ તળે હુકમ ::–**

(૧) ફરીયાદી કંપનીએ એન. આઈ. એકટની કલમ–૧૩૮ની ફરીયાદ દાખલ કરવા માટે થયેલ વિલંબને માફ કરવા માટે હાલની પરચુરણ અરજી સને–૨૦૧૭માં દાખલ કરેલ હતી. પરંતુ ત્યારબાદ ફરીયાદી કંપની તરફે આરોપી/સામાવાળાને આજસુધી કોઈ નોટીસ/પ્રોસેસ બજાવેલ નથી. આજરોજ પણ ફરીયાદી તરફે વિલંબ માફી માટેનું યોગ્ય કારણ દર્શાવવા માટે કોઈ હાજર રહેલ નથી. આ સંજોગોમાં સને–૨૦૧૭થી સને–૨૦૨૪ સુધી પુરતી અને વાજબી તક આપેલ હોય તેમ છતા ફરીયાદપક્ષે પોતાની જ પરચુરણ અરજીની કાર્યવાહી ચલાવવા કોઈ રસ દાખવેલ નથી. આ સંજોગોમાં હાલનું કામ હજું વધારે સમય સુધી ચાલું રાખવું ન્યાયોચિત જણાતું નથી. આથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

હાલની પરચુરણ અરજી ફરીયાદીના કસુરના કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા હુકમ કરવામાં આવે છે.

આ આખરી હુકમ આજ રોજ અમદાવાદ મુકામે તારીખ ૧૮મી ઓકટોબર, ૨૦૨૪ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(સમીર રતીલાલ સાંગાણી)**
**૨૪માં એડીશનલ ચીફ જયુડીશયલ મેજીસ્ટ્રેટ**
**અમદાવાદ સીટી**
**GJ01046**